# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-01-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) રાજ્ય સરકારે ઉત્તર,મધ્ય અને દક્ષિણ ગુજરાતના માર્ગો ચારમાર્ગી કરવા તથા મુખ્ય પુલ બનાવવા ૨૯૪ કરોડ રૂપિયા ફાળવ્યા.

2) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ‘કરૂણા અભિયાન – ૨૦૨૫’ અંતર્ગત 'સ્નેક રેસ્ક્યુ એપ' રજૂ કરી.

3) સુરત, ધોરડો તેમજ શિવરાજપુર બીચ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૫ યોજાયો.

4) આદ્યશક્તિ મા અંબાના પ્રાગટ્યદિન પોશી પૂનમે શક્તિપીઠ અંબાજીમાં ભક્તોનું ઘોડાપૂર.

5) આણંદ ખાતે રાષ્ટ્રીય કક્ષાની કરાટે ટુર્નામેન્ટમાં ડાંગનાં ખેલાડીઓએ સુવર્ણ, રજત અને કાંસ્ય ચંદ્રક જીત્યાં.

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Road – Infra. Govt.

રાજ્ય સરકારે ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના માર્ગો ચારમાર્ગીય કરવા તથા મુખ્ય પુલ બનાવવા માટે ૨૯૪ કરોડ રૂપિયા ફાળવ્યા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ઉત્તર ગુજરાતના વિસનગર-વિજાપુર ૨૪ કિલોમીટર માર્ગને ચારમાર્ગીય કરવા ૧૩૬ કરોડ રૂપિયા,તેમજ મધ્ય ગુજરાતને સૌરાષ્ટ્ર સાથે જોડતો આણંદ-કરમસદ-સોજીત્રા રોડ ચારમાર્ગીય કરવા ૧૩૨ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લાના કપરાડાના ૧૬ જેટલા ગામોની ૨૩ હજારથી વધુ વસ્તીને અવરજવર માટે સગવડ મળે તે માટે દમણગંગા નદી પર મુખ્ય પુલના કામ માટે ૨૬ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.કપરાડાના ભૂરવડથી દમણગંગા નદીના સામા કાઠાંના ટુકવાડાને જોડતા પુલનું નિર્માણ કરાશે .આના પરિણામે શાળાએ જનારા આદિજાતિ ગ્રામીણ વિદ્યાર્થીઓ, ખાનવેલ અને સેલવાસ જી.આઈ.ડી.સી.માં નોકરી-રોજગારી માટે જતા લોકોને અવરજવરમાં વધુ સુગમતા મળશે.

. . . . . . . . . . . . .

# CM -Wild Life Care Centre

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ‘કરુણા અભિયાન – ૨૦૨૫’ અંતર્ગત અમદાવાદના બોડકદેવમાં આવેલા વાઇલ્ડ લાઇફ કેર સેન્ટરની મુલાકાત દરમિયાન 'સ્નેક રેસ્ક્યુ એપ' રજૂ કરી.

આ એપની ખાસિયત એ છે કે, ક્યાંય પણ સાપ દેખાય તો આ એપના માધ્યમથી વનવિભાગને જાણ કરી શકાશે. હાલ પાઇલોટ પ્રોજેક્ટના ભાગરૂપે આ 'સ્નેક રેસ્ક્યુ એપ' અમદાવાદ જિલ્લા પૂરતી કાર્યરત કરવામાં આવી છે. તબક્કાવાર આ એપ રાજ્યના અન્ય જિલ્લાઓમાં પણ કાર્યરત કરવામાં આવશે.

દરમિયાન રાજ્યભરમાં પ્રાણી કલ્યાણ બોર્ડ દ્વારા આવતીકાલથી ૩૦ જાન્યુઆરી ૨૦૨૫ સુધી "પ્રાણી કલ્યાણ પખવાડીયા"ની ઉજવણી કરવામાં આવશે. આ દરમિયાન રાજ્યભરમાં અબોલ પ્રાણીઓના કલ્યાણને લગતા તથા તેમના પ્રત્યે પ્રેમ વધે  તેવા વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

. . . . . . . . . . . . .

# CM – Vikas Saptah Quiz

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં રાજ્ય સરકાર દ્વારા આયોજિત 'વિકાસ સપ્તાહ ક્વિઝ' અને ફોટો સ્પર્ધાના વિજેતાઓને મુખ્યમંત્રી કાર્યાલય ખાતે પુરસ્કૃત કર્યા હતા.

રાજ્યભરમાં વિકાસ સપ્તાહ અંતર્ગત યોજાયેલા વિવિધ કાર્યક્રમોમાં આ ઓનલાઈન સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશના વિવિધ રાજ્યોમાંથી અંદાજે ૭૪ હજાર જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ક્વિઝ સ્પર્ધામાં ૧૨ જેટલી ભાષાઓમાં ગુજરાતના વિકાસ, કલા અને સંસ્કૃતિ સહિતના વિષયોના પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.

ફોટો કોમ્પિટિશનમાં ગુજરાતના પ્રવાસન સ્થળો, આંતરમાળખાકીય વિકાસ, મહિલા સશક્તિકરણ સહિતના વિવિધ વિષયો પર સ્પર્ધાઓ યોજાઈ હતી. મુખ્યમંત્રીએ આ બંને સ્પર્ધામાં વિજેતાઓ સાથે સંવાદ કરી તેમને પુરસ્કૃત કર્યાં હતાં.

. . . . . . . . . . . . .

# International Kite Festival

સુરત, ધોરડો તેમજ શિવરાજપુર બીચ ખાતે  આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૫ યોજાયો હતો.

દેવભૂમિ દ્વારકાના શિવરાજપુર બીચ ખાતે આજે યોજાયેલ પતંગ મહોત્સવમાં ગ્રીસ, ઈટલી, પોલેન્ડ, સ્વિત્ઝરલેન્ડ સહિત ૧૪ દેશના અને ૨ રાજ્યના પતંગબાજોની આકાશમાં ઊડતી અવનવી અને રંગબેરંગી પતંગો આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ અંગે વધુ માહિતી આપી રહ્યા છે દ્વારકાના એસ ડી એમ અમોલ આવતે..

(બાઈટ -- દ્વારકાના એસ. ડી. એમ. અમોલ આવતે)

કચ્છના ધોરડો ખાતે યોજાયેલ પતંગોત્સવમાં બેલારુસ, ભૂતાન, ઈન્ડોનેશિયા, ડેન્માર્ક, સહિત વિવિધ દેશો તેમજ રાજ્યોના પતંગબાજોએ અવનવી ડિઝાઇનની પતંગો સાથે સફેદ રણના આકાશમાં અનેરૂ આકર્ષણ જમાવ્યું હતું.

સુરતના અડાજણ રિવરફ્રન્ટ પાસે પણ  આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાયો હતો. જેમાં દેશ-વિદેશના 75 પતંગબાજોએ ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . .

# Uttarayan Surendranagar

ઉત્તરાયણના તહેવારને લઈ છેલ્લી ઘડીએ ખરીદીનો રંગ જામ્યો છે. લોકો પતંગના પેચ લડાવવા માટે પતંગ-દોરી સહિતની વસ્તુંઓની ખરીદી કરી રહ્યાં છે.

અમારા સુરેન્દ્રનગરજિલ્લાનાં પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે કે .ઉતરાયણ પૂર્વ શહેરીજનો પતંગ દોરા, ગોગલ્સ, ટોપી, શેરડી, બોર, ચીક્કી, મમરાના લાડવા વગેરેની ખરીદી કરવા માટે ઉમટી પડ્યા છે. બજારોમા ઠેરઠેર પતંગના નાના મોટા વેપારીઓને ત્યાં ઘરાકી જોવા મળી રહી છે.

ગત વર્ષ કરતા ચાલુ વર્ષે પતંગ અને દોરીમાં આશરે ૨૦ ટકાના જેટલો ભાવમાં વધારો જોવા મળ્યો હતો. તેમ છતાં પતંગરસીકો પતંગની ખરીદી કરી રહ્યા છે. આ વર્ષ બજારમાં મોટું પતલુ, છોટા ભીમ, મીકી માઉસ જેવા પતંગ આકર્ષણનુ કેન્દ્ર બન્યા છે.

જયારે અમદાવાદ, ખંભાત, નડીયાદથી આવતા પતંગ અને સુરત તથા યુપીથી આવતા દોરા પતંગબાજોના મનપસંદ રહ્યાં છે. આવતીકાલે ઝાલાવાડમાં ઉતરાયણના દિવસે ઊંધિયુ, જલેબી, બાસુંદી, ખમણ જેવી સ્વાદિષ્ટ વાનગીઓની જાયફત માણશે.

. . . . . . . . . . . . .

# Governor -Porbandar

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત બે દિવસ માટે પોરબંદર જિલ્લાની મુલાકાતે છે. તેઓએ મહાત્મા ગાંધીના જન્મ સ્મારક કીર્તિ મંદિરની તેમજ ગાંધીજીના જન્મ સ્થળ વાળા મકાનની પણ મુલાકાત લીધી હતી અને પુષ્પાંજલિ અર્પણ કરી હતી રાજ્યપાલ શ્રી એ ગાંધીજીનો તેમના જીવનમાં કેવો પ્રભાવ છે તેના વિશે ખાસ વાતચીત કરી હતી.

(Byte-રાજ્યપાલ)

અમારા પ્રતિનિધિ મહેશ લૂકકા જણાવે છે કે રાજ્યપાલશ્રી પોરબંદરની મુલાકાત દરમિયાન ગૌશાળાની મુલાકાત લેશે તેમજ માધવપુર ઘેડ ગામની મુલાકાત લેશે, સ્થાનિક ગ્રામજનો અને ખેડૂતો સાથે વાર્તાલાપ કરશે. આવતીકાલે સવારે તેઓ ભારતીય નૌકાદળ દ્વારા આયોજિત કાર્યક્રમમાં સહભાગી બનશે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# Posh Purnima–Ambaji

આજે પોષ સુદ પૂર્ણિમા-માં અંબાના પ્રાગટયોત્સવની શક્તિપીઠ અંબાજી ધામમાં ભક્તિભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી.

અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા મંદિર પરિસરમાં 108 કુંડી મહાશક્તિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારની મંગળા આરતીમાં પણ મોટી સંખ્યામાં માઈભક્તો જોડાયા હતા.

કેબિનેટ મંત્રી બળવતસિંહ રાજપુતે પણ આજે માતાજીનો હોમ હવન કરી આરતી ઉતારી હતી તેમજ રાજ્ય સહીત દેશની પ્રજાની સુખાકારી માટે માં અંબેને પ્રાર્થના કરી હતી.

(બાઈટ- બળવતસિંહ રાજપૂત (કેબિનેટ મંત્રી)ગુજરાત સરકાર)

. . . . . . . . . . . . .

# Girnaar - Ambaji Mandir

જૂનાગઢમા ગિરનાર પર્વત પર વિરાજમાન ઉદયન શક્તિપીઠ-અંબાજી માતાનો પ્રાગટયોત્સવ આજે પોષી પૂનમે ઉજવાયો હતો. વહેલી સવારે અંબાજી શિખરે ધ્વજારોહણ, શ્રિશુક્તના પાઠ અને શણગાર સાથે માતાજીની આરતી અને હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારે પવનને કારણે રોપ-વે બંધ હોવા છતાં, હજારો ભાવિકો પગથિયા ચઢી માં આંબાના દર્શેને ગિરનાર પર પહોંચ્યા હતા.

. . . . . . . . . . . . .

# Karate Tournament

ડાંગના અમારા પ્રતિનિધિ મુનિરા શેખના જણાવે છે કે, ડાંગના મોહન પાડવીએ સુવર્ણ, આશિષ ચોધરીએ રજત અને ભાવિન ચૌધરીએ કાંસ્ય ચંદ્રક જીત્યા હતા.

રાજ્ય વિધાનસભાના નાયબ દંડક તથા ડાંગના ધારાસભ્ય તેમજ સ્પોર્ટ્સ કરાટે એશોસિએશન ડાંગના ચેરમને ખેલાડીઓને  અભિનંદન પાઠવ્યા હતા.

. . . . . . . . . . . . .

# Weather

હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યનાં મોટાભાગનાં જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન એકથી બે ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટ્યું છે. છેલ્લા ચોવીસ કલાક દરમ્યાન ૪.૪ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગનાં વૈજ્ઞાનિક એ.કે. દાસે વધુ માહિતી આપી.

(બાઈટ – એ. કે. દાસ, હવામાન વૈજ્ઞાનિક )

. . . . . . . . . . . . .

# Khatmurhut

નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણાના અધ્યક્ષસ્થાને સુરેન્દ્રનગરના રાજપર-કરણગઢ અને ભદ્રેશી-અણીન્દ્રા રોડનું સાડા ચાર કરોડના ખર્ચે રીસર્ફેસીંગ કામોનો ખાતમુર્હુત કાર્યક્રમ યોજાઇ ગયો.

આ પ્રસંગે સંબોધન કરતા શ્રી મકવાણાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ગામડાઓમાં આયોજનબદ્ધ વિકાસ કાર્યો કરવામાં આવી રહ્યા છે. જેના પરિણામે નાગરિકોની સુખાકારીમાં વધારો થઇ રહ્યો છે. આગામી દિવસોમાં રાજ્યના નાગરિકોને વધુ સુવિધાજનક રોડ નેટવર્ક મળવાથી યાતાયાત સરળ બનશે એમ કહેતાં વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, સરકારે રાજ્યમાં રોડ કનેક્ટિવિટીનું સુદ્રઢ માળખું ઊભું કર્યું છે. આજે અંતરિયાળ વિસ્તારના નાના ગામથી માંડીને મોટા શહેરોને ઉત્તમ પ્રકારના માર્ગોથી જોડવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . .

# Panchmahal –Bharti Melo

પંચમહાલ જિલ્લાના ગોધરામાં આવેલ સરકારી આઇ.ટી.આઇ. ખાતે રોજગાર અને એપ્રેન્ટિસ ભરતી મેળામાં કુલ ૫૭૧ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી છે.

આ ભરતી મેળામાં પંચમહાલ, વડોદરા અને અમદાવાદ જિલ્લાના મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ સેક્ટરની કુલ ૨૧ નોકરીદાતા કંપનીઓ દ્વારા ૮૫૦ જેટલી ટેકનિકલ અને નોન ટેકનિકલ ખાલી જગ્યાઓ ભરવા માટે પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# Rekhta Gujrati Utsav

મુંબઈ શહેરમાં પ્રથમવાર રેખ્તા ગુજરાતી ઉત્સવ યોજાઈ ગયો. જાણીતી અભિનેત્રી સરિતા જોષીએ ગુજરાતી ભાષા વૈભવને બિરદાવતી પંક્તિઓ રજૂ કરી ભાષાની સમૃદ્ધિ અને ગરિમાને વંદન કર્યાં હતાં. કાર્યક્રમમાં જાણીતા કવિઓએ ગુજરાતી ગઝલ-ગીત રજૂ કર્યાં હતાં.

રેખ્તા ભાષાવિકાસ, સાહિત્યનાં સંવર્ધન અને સંસ્કૃતિનાં જતન માટે પ્રતિબદ્ધ સંસ્થા છે.

. . . . . . . . . . . . .